**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
**(Established by Government of Gujarat)**
**'Jyotirmay' Parisar,**
**Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad - 382481**

---

**જય ભારત**

"આઝાદી કા અમૃત મહોત્સવ"ની ઉજવણી અંતર્ગત દેશભરમાં 'હર ઘર તિરંગા' શીર્ષક સાથે અલગ અલગ કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી , ત્યારે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના પરિસરમાં પણ 'હર ઘર તિરંગા'ને લગતા કાર્યક્રમો "ગીત-ગાન કાર્યક્રમ ,વક્તૃત્વ સ્પર્ધા અને રન ફોર તિરંગા" જેવા કાર્યક્રમોની ઉજવણી કરેલ ,જેમાં તારીખ 06-08-2022ને શનિવારના રોજ તિરંગાને લગતા ગીત-ગાન કાર્યક્રમનું આયોજન યુનિવર્સિટીના ગૌતમ હોલમાં કરેલ. જેમાં યુનિવર્સિટીના આદરણીય કુલગુરુ પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયજીએ દીપ- પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરેલ તથા યુનિવર્સિટીના કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. તિરંગાને લગતા વિવિધ ગીતો ગાવામાં આવ્યા. જેમાં પ્રો.ડૉ. મનોજ શાહ, પ્રો.ડૉ. યોગેન્દ્ર પારેખ, ડૉ. પ્રિયાંકી વ્યાસ, ડૉ. નિગમ પંડ્યા, ડૉ. જાગૃતિ મહેતા, ડૉ. રીના વૈષ્ણવ, ડૉ. મહેશ પરમાર, ડૉ. જયેશ પરમાર, સુશ્રી સેજલબેન, સુશ્રી મુસ્કાન દ્વારા ઝંડા ઊંચા રહે હમારા, જા રે ઝંડા જા ............ વગેરે જેવા ગીતો અને કાવ્યોનું ગાન-પઠન કર્યું. ગીત ગાન બાદ આદરણીય કુલગુરુ પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયજી દ્વારા યુનિવર્સિટીના બધા જ કર્મચારીઓને 'હર ઘર તિરંગા'ના કાર્યક્રમમાં જોડાઈ તારીખ 13 થી 15 સુધી પોતાના ઘરે ધ્વજ ફરકાવવા અંગેની પ્રતિજ્ઞા લેવડાવી.

ડૉ. સોનલ ચૌધરી દ્વારા તિરંગાનો ઈતિહાસ અને એની માહિતી આપતો એક ઓડિયો રેકોર્ડ કરી કોમ્યુનીટી રેડિયો દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો.

ડૉ.આવા શુક્લાનિયામક(ss)ની વિશેષ ઉપસ્થિતિમાં તા. ૧૨/૦૮/૨૦૨૨ના રોજ બપોરે ૦૨ : ૦૦ કલાકે વર્ચ્યુઅલ પ્લેટફોર્મ દ્વારા "ઝંડા ઉંચા રહે હમારા" અને "રાષ્ટ્રીય એકતાનું પ્રતિક – રાષ્ટ્રધ્વજ" આ બે વિષય પર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું.આ સ્પર્ધામાં યુનિવર્સિટીના ૩૪ વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા. સ્પર્ધક તરીકે જોડાયેલા વિદ્યાર્થીઓમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંકે વિજેતા થયેલ સ્પર્ધકોને શિલ્ડ, ઓનલાઈન સર્ટીફીકેટ અને અન્ય તમામ સહભાગી સ્પર્ધકોને ઓનલાઈન સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતા. એક્ષટેન્શન એક્ટીવીટીઝ વિભાગ દ્વારા

બધા જ સ્પર્ધકોને ‘હર ઘર તિરંગા’ના કાર્યક્રમમાં જોડાઈ તારીખ 13 થી 15 સુધી પોતાના ઘરે ધ્વજ ફરકાવવા અંગેની પ્રતિજ્ઞા લેવડાવી.

તા. ૧૩/૦૮/૨૦૨૨ના રોજ સવારે ૧૦: ૦૦ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના પરિસરમાં ગુજરાત રાજ્યના આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ગુજરાત રાજ્યના માનનીય શિક્ષણમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી, આદરણીય કુલગુરુ પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયજી તથા ગુજરાત રાજ્યની અન્ય યુનિવર્સિટીના કુલપતિશ્રીઓ તેમજ યુનિવર્સિટી બોર્ડના સભ્યોશ્રી તેમજ અભ્યાસકેન્દ્રો પરથી પધારેલ અધ્યાપકો, વિદ્યાર્થીઓ સાથે “ રન ફોર તિરંગા” નું આયોજન અને યુનિવર્સિટીના કશ્યપ સભાગારમાં ગુજરાતભરના જુદાજુદા જિલ્લાઓ પાલનપુર, ભાવનગર, સુરત અને ભૂજમાં પ્રાદેશિક કેન્દ્રોના ભૂમિપૂજનના અપૂર્વ અવસરનું આયોજન ગુજરાત રાજ્યના આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, માનનીય શિક્ષણમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી, અગ્રસચિવ એસ. જે. હૈદરજી અને યુનિવર્સિટીના આદરણીય કુલગુરુ પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયજીની વિશેષ ઉપસ્થિતિમાં કરેલ હતું.

આ ઉપરાંત ડૉ.સોનલ ચૌધરી દ્વારા તૈયાર કરાયેલ તિરંગાનો ઈતિહાસ અને માહિતી આપતો ઓડિયો કોમ્યુનીટી રેડિયો દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ.

આ સમગ્ર કાર્યક્રમ આદરણીય કુલગુરુ પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયજીના માર્ગદર્શનમાં અને ડૉ. આવા શુક્લાના (નિયામક-ss) સૂચનોથી extension activities વિભાગ દ્વારા કરવામાં આવ્યો.






દિવ્ય રાષ્ટ્ર
ભવ્ય રાષ્ટ્ર


VC Dashboard
Ushma
Anjum Shaikh
Yogita Goswami
2 others
VASIM PATHAN
TOSHIBA


TASLIM
extension activities
Anjum
e

